# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે યાત્રાધામ અંબાજી ખાતે 13 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સંસ્કૃત મહાવિદ્યાલયનું લોકાર્પણ કરશે.**
2. **દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીતની ભારતીય જનત્તા પાર્ટીએ રાજ્યભરમાં ઉજવણી કરી.**
3. **શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, ટેક્નોલોજીનો રચનાત્મક ઉપયોગ થવો જોઈએ.**
4. **યાત્રાધામ અંબાજી ખાતે આજથી 11 ફેબ્રુઆરી સુધી શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો આરંભ.**
5. **રાષ્ટ્રીય રમતોત્સવમાં ટેકવેન્ડો ગઈકાલે સ્પર્ધામાં રાજ્યની જેણા રાજાએ સુવર્ણ અને તેજ પટેલે કાંસ્ય ચંદ્રક જીત્યા.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMBAJI MAHAVIDYALAY

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ યાત્રાધામ અંબાજી ખાતે 13 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સંસ્કૃત મહાવિદ્યાલયનું  લોકાર્પણ કરશે.

આ સંસ્કૃત મહાવિદ્યાલય અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સ્વભંડોળમાંથી અદ્યતન સુવિધા સાથે વિદ્યાલય અને છાત્રાલય પણ બનાવવામાં આવ્યું છે. આમાં 150 જેટલા વિદ્યાર્થીઓના શિક્ષણ સાથે આવાસનો સમાવેશ કરાયો છે. આ નવીન મહાવિદ્યાલયમાં હોલ, 10 વર્ગ ખંડો, છાત્રાલય માટે 49  રૂમ અને લાઇબ્રેરી, પ્રાર્થના હોલ, ભોજન કક્ષ, કોમ્પ્યુટર લેબ સહિત યજ્ઞ શાળા સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

**(બાઈટ – કૌશિક પટેલ, કલેક્ટર)**

# KANUBHAI DESAI – CENTRAL BUDGET

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામણે રજુ કરેલા કેન્દ્રીય બજેટની દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. બજેટમાં 12 લાખ સુધીની આવક પર કોઈ ટેક્ષ નહિ લાગે તેવી જાહેરાત કરવામાં આવી છે. તેને કારણે સમગ્ર દેશમાં મધ્યમ વર્ગમાં બજેટને ભરપૂર આવકાર મળી રહ્યો છે.

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈએ વલસાડ જિલ્લાના પારડીમાં કેન્દ્રીય બજેટ વિષય પર એક પ્રબુધ્ધ નાગરિક સંમેલનને સંબોધન કર્યું હતું .જેમાં વલસાડ જિલ્લાના સામાજિક અગ્રણીઓ વેપારીઓ ખેડૂતો સહિત સિનિયર સિટીઝન પણ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બજેટમાં નિર્મલા સીતારમણે રજૂ કરેલા અને લોક કલ્યાણકારી યોજનાઓ અને જોગવાઈઓને લોકો વચ્ચે મૂકી અને બજેટની સમજ

આપી હતી અને ગુજરાતના બજેટમાં પણ લોક કલ્યાણકારી કામો પર ધ્યાન આપવામાં આવશે તેવું જણાવ્યું હતું.

**(બાઈટ - કનુભાઈ દેસાઈ, નાણામંત્રી, ગુજરાત)**

# DELHI ELECTION

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીતની ભારતીય જનત્તા પાર્ટીએ રાજ્યભરમાં ઉજવણી કરી હતી.

છોટાઉદેપુર જિલ્લાના સાંસદ જશુ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા સહિત જિલ્લા અને તાલુકાના હોદ્દેદારો તથા મહિલા મોરચા દ્વારા ફટાકડા ફોડી વિજયનો જશ્ન મનાવવામાં આવ્યો.

ભાવનગર શહેરના કુંભારવાડા સર્કલ અને ઘોઘા સર્કલ ખાતે ભાજપ કાર્યકર્તાએ આતશબાજી કરીને દિલ્હીમાં ભાજપની જીતની ઉજવણી કરી હતી.

પાટણ શહેર અને જિલ્લા ભાજપના આગેવાનો અને કાર્યકરોએ પાટણ શહેરના બગવાડા દરવાજા ખાતે આતશબાજી સાથે એકબીજાનું મો મીઠું કરાવી હર્ષોલ્લાસથી વિજયોત્સવ મનાવાયો હતો.

નર્મદા જિલ્લાના રાજપીપળા, સેલંબા, સાગબારામાં પણ ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડી જીતની ઉજવણી કરી હતી.

દિલ્હી ભાજપની જીતની મહીસાગર ભાજપના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી એકબીજાને મીઠાઈ ખવડાવીને ઉજવણી કરી. આ ઉજવણીમાં રાજ્ય શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.એમની સાથે સાથે લુણાવાડા સંતરામપુર નગરપાલિકાની ચૂંટણી અંગે ડોર ટુ ડોર પ્રચાર પણ કરવામાં આવ્યો હતો.

મહેસાણા ખાતે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની જીત થતા સાંસદ મયંક નાયક સહિત કાર્યકરોએ આતશબાજી કરીને ઉજવણી કરી હતી.

## BIMSTEC MANDAVIYA -CM BIMSTEC YOUTH SUMMIT

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગઈકાલે 'બે ઓફ બેંગાલ ઇનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટોરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન' BIMSTEC યુવા સમિટનું ઉદઘાટન કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાના હસ્તે કરવામાં આવ્યું . આ સમિટમાં આવેલા તમામ BIMSTEC દેશોના પ્રતિનિધિઓ આજે સાયક્લોથોન ફોર નો ડ્રગ્સ ના કાર્યક્રમમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે આ સમિટના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે. આ સમિટ 11 ફેબ્રુઆરી સુધી ચાલશે.

## GICEA-RUSHIKESH PATEL

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, ટેક્નોલોજીનો રચનાત્મક ઉપયોગ થવો જોઈએ, મંત્રીશ્રીની અધ્યક્ષતામાં GICEAની ૩૦મી ગોલ્ડ મેડલ સેરેમની યોજાઈ હતી.

અમદાવાદમાં આયોજિત આ સમારોહમાં કુલ ૮૪ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

મંત્રીશ્રી ઋષિકેશ પટેલે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના લક્ષ્યને પરિપૂર્ણ કરવામાં આર્કિટેક્સ અને સિવિલ એન્જીનિયર્સની ભૂમિકા ખૂબ અગત્યની છે.

ભારતમાં જ યુવાઓને રચનાત્મક વિચારોને અમલમાં લાવવા માટે અસરકારક પ્લેટફોર્મ મળી રહ્યું છે. સ્ટાર્ટઅપ પોલિસી, ન્યૂ એજ્યુકેશન પોલિસી સહિતના કેન્દ્ર સરકારના પગલાંઓને લીધે યુવાઓને કારકિર્દી બનાવવાના વિશાળ દ્વારો ખુલ્યા છે.

# AMBAJI – SHAKTIPITH MAHOSTAV

યાત્રાધામ અંબાજી ખાતે આજથી 11 ફેબ્રુઆરી સુધી શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ 2025નો આરંભ થશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજીમાં ગબ્બર પર્વત પર આ પરિક્રમા મહોત્સવનું આયોજન કરાયું છે. શ્રદ્ધા શક્તિ અને ભક્તિના પ્રતિક સમાન યાત્રાધામ અંબાજીમાં આજથી ભવ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થયું છે. ભાવિક ભક્તો માટે વિશેષ સુવિધા કરવામાં આવી છે.

# AMRELI – KHAREK KHETI

અમરેલી જિલ્લાના ખેડૂતો હવે ખારેક, ડ્રેગન ફ્રુટ અને અંજીર જેવા નવા પાકની ખેતી પણ કરી રહ્યા છે.

એક વર્ષ અગાઉ અમરેલી જિલ્લામાં 58 હજાર હેકટરમાં બાગાયતી પાક થયો હતો, જે વધીને હવે 66 હજાર હેક્ટર થયો છે. અહીંના ખેડૂતોએ ડ્રેગન ફ્રુટ

વાવેતરનો નવીન અભિગમ અપનાવ્યો છે, તો ટીસ્યુ કલ્ચર ખારેકનું પણ વાવેતર કર્યું છે.

જો કે જિલ્લામાં સૌથી વધુ કેરીનો પાક લેવાય છે. આ ઉપરાંત લીંબુ, દાડમ, પપૈયા, બોર અને જામફળની પણ ખેતી થાય છે. હાલમા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા પણ હોવાથી ખેડૂતો ડુંગળી, લસણ અને અન્ય મરી મસાલાના પાકનું પ્રોસેસિંગ કરીને નિકાસ પણ કરી રહ્યા છે.

આ અંગે અમરેલીના નાયબ બાગાયત અધિકારી એ એમ કરમૂલે વધુ માહિતી આપી...

**( બાઈટ – એ.એમ.કરમૂલે નાયબ બાગાયત અધિકારી, અમરેલી)**

# RAJKOT - MILET MAHOTSAV

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના અધ્યક્ષસ્થાને રાજકોટ ખાતે "મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ - ૨૦૨૫"નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજિત મિલેટ એક્સ્પોમાં મિલેટ પ્રોડકટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશોનું પ્રદર્શન કમ વેચાણ કરાઈ રહ્યું છે.

આ અવસરે નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, લોકોમાં શ્રી અન્ન અંગે જાગૃતિ આવી છે. ભૂતકાળમાં ગ્રામીણ લોકો બાજરા-જુવારના રોટલા આરોગતા હતા.

**(બાઈટ – જગદીશ મકવાણા)**

# NATIONAL GAME

ઉત્તરાખંડમાં ચાલી રહેલી રાષ્ટ્રીય રમતોત્સવમાં ટેકવેન્ડો સ્પર્ધામાં ગઈકાલે રાજ્યની જેણા રાજાએ સુવર્ણ અને તેજ પટેલે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

ટેકવેન્ડોમાં મહિલા અંડર 53 કિલો વજન વર્ગમાં રાજ્યની જેણા રાજાએ સુવર્ણ તથા અંડર 80 કિલો વજન વર્ગમાં તેજ પટેલે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય રમતોત્સવમાં ગુજરાતે અત્યાર સુધીમાં 3 સુવર્ણ, ચાર રજત અને 12 કાંસ્ય મળી કુલ 19 ચંદ્રકો જીત્યા છે.

# VADNAGAR MULAKAT

મહેસાણા જિલ્લાના વડનગરની મુખ્ય સચિવ પંકજ જોષીએ મુલાકાત લીધી હતી. શ્રી જોષીએ હાટકેશ્વર દાદાના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ વડનગરમાં નિર્માણ પામેલ 'આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ'ની પણ મુલાકાત લીધી હતી.

કીર્તિ તોરણ, તાનારીરી ગાર્ડન અને સ્પોર્ટ્સ સંકુલની પણ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રવાસન વિભાગના સચિવ રાજેન્દ્ર કુમાર સહિત અમનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# UPSC EXAM DATE EXTENCEN

**UPSCએ સિવિલ સેવા માટે અરજીની તારીખ 18 ફેબ્રુઆરી સુધી લંબાવી છે.**

**સિવિલ સેવા અને ભારતીય વન સેવા પ્રારંભિક 2025 પરીક્ષા માટે અગાઉ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 11 ફેબ્રુઆરી હતી જે લંબાવીને 18 ફેબ્રુઆરી કરાઈ છે.**

**19થી 25 ફેબ્રુઆરી સુધી અરજીમાં સુધારા કરી શકાશે.**

# JAMNAGAR-KHELMAHA KUMBH

રાજ્યના પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરાએ જામનગર શહેરના ટાઉનહોલ ખાતે સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા કલા મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પૃથ્વી પર જીવન ટકાવી રાખવા મનુષ્યને હવા, પાણી અને ખોરાકની જેટલી જરૂર છે તેટલી જ જરૂર કળા, સંસ્કૃતિ અને સંગીતની પણ છે. 8 જિલ્લાના સ્પર્ધકો કલા મહાકુંભમાં ભાગ લઈ રહ્યા છે.

# TRANSPLANTATION UPDATE CONFERENCE

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં મેડિકલ ટૂરિઝમનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર આ ક્ષેત્રે તમામ સહાય કરવા માટે કટિબદ્ધ છે.**

**મુખ્યમંત્રીએ ગઈકાલે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ કરાવ્યો અને પ્રત્યારોપણ અંગેના અત્યાધુનિક રોબોટનું લોકાર્પણ કર્યું હતું. શ્રી પટેલે ટેકનોલૉજીના વધતાં**

વ્યાપ અને પ્રભુત્વ વચ્ચે તેના ઉપયોગથી અંગ પ્રત્યારોપણ માટે નવાં કેન્દ્રો શરૂ કરવા સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આપણાં પુરાણોમાં બધા જ રોગોનો ઉપચાર છે જ આજે ટેકનોલોજીની મદદથી તેને ઉજાગર કરવાનો સમય છે.

આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આજે વાસ્તવિકતા બની છે, ત્યારે રાજ્ય સરકારે ટેકનોલોજી ક્ષેત્રે તમામ સુવિધાઓ માટે દરવાજા ખુલ્લા મૂકી દીધા છે.